# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

■ **સિધ્ધાંત સાર** ■

**હે જ્ઞાનનાં ધારક,**

**તું તારા જ્ઞાનને જાણ, તું તારા જ્ઞાનને માન, તે જ્ઞાનનાં ધારણ કરનાર (સદ્‌ગુરૂ)નાં શરણમાં જા, અને તેનાથી બુધ્ધિનું નિર્મળપણું પામ (વિપર્યાસબુધ્ધિને ટાળ), અને તારા ઉપયોગને નિર્મળબુધ્ધિમાં મૂક, અને ઉદાસીનતા કેળવ, અરૂચીપણું લાવ, અને અંતરમુખીપણું પામ, અને અંતર અવલોકન કર, તું તારા ઉપયોગથી તને શોધ, અને શોધતા શોધતા તું તને જો, તું જ્યારે તને જોઈશ (આત્મસાક્ષાત્કાર) ત્યારે તું એક સમયની સમાધી પામીશ, એક સમયની સમાધી અનંત સમયની સમાધી બનશે, (જીવ નિગોદમાંથી નીકળીને અનંત ભવમાં સમાધી પામ્યો નથી અને જ્યારે એક સમયની સમાધી પામશે ત્યારે તે મુક્તિના દ્વારે હશે).**

**અનંત સમયની સમાધીથી તું તારા ઉપયોગને તારામાં મૂકીને સર્વ સમય માટે દેહ છોડીશ, પછી તારો ઉપયોગ સર્વ સમય માટે તારામાં રહેશે.**

**''દેહાતિતપણું''. આનંદનું આનંદ સ્વરૂપમાં સ્થિરપણું.**

## જૈનો જાગો

લેખાંક : ૨૬

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

જગતનાં જે કોઈ મોક્ષમાર્ગી ધર્મો છે અને તે ધર્મનાં સ્થાપકોએ જે ધર્મ આપ્યો તે સર્વે ધર્મોમાં જે સમાન તત્વો રહેલા છે, તે તત્વોને તત્વજ્ઞાન કહેવાય. દરેક ધર્મોમાં તત્વો સમાન રહેલા છે, પણ તત્વો સબંધીનું જ્ઞાન વત્તું ઓછું (સ્થુળ અને સુક્ષ્મ) રીતે આપેલું છે. તે તત્વજ્ઞાનને

*** સત્સંગ ***
**''જેના સ્મરણથી જીવ અનંતા કર્મ ખપાવી શકે છે, તેનું વિસ્મરણ કર્યું. અને જેનાં વિસ્મરણથી જીવ અનંતા કર્મો બાંધતો અટકે છે, તેનું સ્મરણ કર્યું.''**
**(આત્મભાવ અને સંસારભાવ)**

દરેક ધર્મોએ અલગ અલગ નામ આપેલા છે. જેમ કે આત્મધર્મ, બ્રહ્મજ્ઞાન, મોક્ષમાર્ગ, બોધીજ્ઞાન વિગેરે. જૈન ધર્મમાં તેને સિધ્ધાંત બોધ (આત્મબોધ) કહેલ છે. જૈન ધર્મનાં પૂર્વમાં થયેલા, વર્તમાનમાં વિચરતા અને ભાવિમાં થનારા સર્વ શ્રી તિર્થંકર પરમાત્મા તેમજ શ્રી કેવળી ભગવંત તેમજ આત્મજ્ઞાની મહાપુરુષોએ આપેલો, સ્થાપેલો અને પ્રરૂપેલો જે ધર્મ (માર્ગ) છે તેને સિધ્ધાંત બોધ કહેવાય. ભરત ક્ષેત્રનાં વર્તમાન ચોવીશીનાં અંતિમ તિર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાને કેવળજ્ઞાનથી લઈને નિર્વાણ સુધીનાં લગભગ ૩૦ વર્ષ સુધી જે દેશનાં આપેલી તેને સિધ્ધાંત બોધ કહેવાય, અને શ્રી તિર્થંકર પરમાત્મા અને શ્રી કેવળી ભગવંત જે બોધ આપે તે સિધ્ધાંત બોધ જ હોય, બીજો એકપણ પ્રકારનો બોધ ન આપે. પરમાત્માએ આપેલા સિધ્ધાંત બોધની આગળનાં લેખાંકના અનુસંધાનમાં

**હે જ્ઞાન,**
**તારા જ્ઞાન માટે તારા જ્ઞાનની ઉપયોગીતા વગર તારા જ્ઞાનને કેમ જાણવું?**
**''અને''**
**જે જાણ્યું તે અજ્ઞાન રહ્યું.**

વિશેષ વિચારણા કરીએ.

૯૭. જે બોધમાં નિગોદથી સિધ્ધક્ષેત્ર (સર્વ લોક)નું સ્વરૂપ રહેલું છે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૮. જે બોધની સમજણથી જીવ આત્માને માનતો (લક્ષમાં) થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯૯. જે બોધની સમજણથી જીવ આત્માને જાણતો થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૦. જે બોધની સમજણથી જીવ આત્માનો અનુભવી બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૧. જે બોધની સમજણથી જીવને જાતિસ્મરણ (યોગી પણું) થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

**Website : www.jainojago.com**

૧૦૨. જે બોધની સમજણથી જીવને અવધિજ્ઞાન થાય (મનુષ્યપણામાં) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૩. જે બોધની સમજણથી જીવની મતિજ્ઞાનની નિર્મળતા થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૪. જે બોધની સમજણથી જીવ આત્મધર્મ પામ્યો (ધારણ કરવાનો છે; લાદવાનો નહીં) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૫. જે બોધની સમજણથી જીવની ભ્રાંતિ તૂટે (દેહ અને આત્માની) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૬. જે બોધની સમજણથી જીવને 'મોક્ષ છે' તેની ખબર (જાણકારી) પડે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૭. જે બોધની સમજણથી જીવને 'મોક્ષમાર્ગ છે' તની

**''ભવબંધનમાંથી છૂટવા, પ્રભુને પૂજવા''**
**હે પ્રભુ,**
**તારા પ્રભુપણાને, પ્રભુપણામાં, પ્રભુપણે, પ્રસ્થાપીત કર્યા વગર પરોપકારીપણાને ઉપકારીપણાથી કેવી રીતે પ્રભાવવાં ?**
**''અને''**
**પ્રભાવ્યા વગર જે રીતે પૂજ્યાં તે તો ભવબંધનનું કારણ બન્યું.**

ખબર પડે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૮. જે બોધની સમજણથી જીવને મોક્ષમાર્ગમાં શું કરવાનું છે (કષાય કાપવાના અને આત્મિક ગુણો પ્રગટાવવાના) છે તેની સમજણ પડે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦૯. જે બોધની સમજણથી જીવને મોક્ષમાર્ગમાં કેમ ચલાય (ઉપાધ્યાયજીથી અને ૩૬ ગુણોયુક્ત શ્રી આચાર્ય ભગવંતથી અથવા સિધ્ધાંત બોધનો શ્રધ્ધાવાન જીવથી અથવા સિધ્ધાંત બોધનો અનુભવી જીવથી; તેમાં વેશ અથવા વય અથવા ત્યાગનું મહત્વ નથી) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૦. જે બોધની સમજણથી જીવને મોક્ષમાર્ગમાં બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય શું સ્થિતી છે (૧૪ ગુણ સ્થાનક) તે જે જ્ઞાનથી જાણવા મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૧. જે બોધની સમજણથી જીવ આત્મતત્વનું સ્મરણ પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૨. જે બોધની સમજણથી જીવે આત્મતત્વને જાણ્યો તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૩. જે બોધની સમજણથી જીવે આત્મતત્વને માન્યો તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૪. જે બોધની સમજણથી જીવે આત્મતત્વને આરાધ્યો તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૫. જે બોધની સમજણથી જીવે આત્મતત્વને અનુભ્વ્યું તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૬. જે જ્ઞાનને જ્ઞાનથી જોવાનું છે, જે જ્ઞાનથી

*** સત્સંગનું ફળ ***
**દેહભાવનું જેટલું બળવાનપણું, એટલું આત્મભાવનું મંદપણું.**
**દેહ છોડવાથી કે દેહ છુટવાથી આત્મભાવ ન આવે, ''પણ'' આત્મભાવનાં પુરૂષાર્થથી ''દેહભાવ છુટી જાય''**
**એજ ધર્મ છે, એજ ધર્મનો મર્મ છે, અને એજ ધર્મથી પરીણામ પ્રાપ્ત કરવાનું છે.**

જ્ઞાનને અનુભવવાનું છે, જે જ્ઞાનથી અન્યને જ્ઞાની બનાવવાના છે તે જ્ઞાનને સિધ્ધાંતજ્ઞાન, આત્મજ્ઞાન અથવા સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧૭. જે બોધની સમજણથી જીવે આત્મતત્વનાં ગુણો જાણ્યાં જેવા કે સત્ય (દેહ નાશવંત-આત્મા શાશ્વત), અહિંસકપણું (ક્રોધ, દ્વેષ, પરપિડન રહીત) વિગેરે, અયાચકપણું (જગતમાં કંઈપણ સ્થિતીએ માંગવું નહીં, કોઈ આપી શકતું નથી, કોઈ લઈ શકતું નથી (સુખ, દુઃખ વિગેરે), સહનશિલતા (કપાવું, છેદાવું, તૂટવું વિગેરે કાંઈ જ નહીં), સ્થિતિસ્થાપકતા (નાનામાં નાનો અણુ, પરમાણું અને વ્યાપ વધારેમાં વધારે ૧૪ રાજલોક સુધી) વિગેરે ગુણોનું જ્ઞાન જેનાંથી થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

**હે આનંદ,**
**તારા આનંદીતપણા વગર આ ભવસાગર કેમ તરાય ?**
**''અને''**
**જે કાંઇ તરવાનો પ્રયત્ન કર્યો તે ડુબવાનું કારણ બન્યું.**

આવતા લેખાંકમાં યોગે કરીને સિધ્ધાંત બોધની વિશેષ વિચારણા કરીશું. ક્રમશ :

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.